# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતોની પરીક્ષા યોજનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટી/ ક્વોલિફાઇંગ એકઝામ (શોર્ટ હેન્ડ ટેસ્ટ) (એલિમિનેશન રાઉન્ડ)/લઘુલિપિ કસોટી/મુખ્ય લેખિત પરિક્ષા નો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (3) | પરિક્ષાની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ (૫) |
|---|---|---|---|---|
| ૧ | રહસ્ય સચિવ (અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧) વર્ગ-૨ | ૦૯/૨૦૧૯-૨૦ | ક્વોલિફાઇંગ એકઝામ (શોર્ટ હેન્ડ ટેસ્ટ) (એલિમિનેશન રાઉન્ડ) ૧૭ થી ૨૦ ડિસેમ્બર ૨૦૧૯ | ૦૭/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૨ | બાગાયત અધિકારી, વર્ગ-૨ | ૨૮/૨૦૧૯-૨૦ | ૨૨/૧૨/૨૦૧૯ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૧/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૩ | બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ | ૦૬/૨૦૧૯-૨૦ | ૨૨/૧૨/૨૦૧૯ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૨/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૪ | રીડર/એસોસીએટ પ્રોફેસર (હોમીયોપોથી) પ્રેક્ટીસ ઓફ મેડીસીન, વર્ગ-૧ -CBRT | ૧૫/૨૦૧૯-૨૦ | ૨૨/૧૨/૨૦૧૯ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૨/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૫ | ગુજરાતી પ્રતિવેદક, વર્ગ-૨ | ૧૦૮/૨૦૧૮-૧૯ | લઘુલિપિ કસોટી ૨૨ ડિસેમ્બર ૨૦૧૯ | ૧૨/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૬ | ડેઝિગ્નેટ ઓફિસર, વર્ગ-૧-CBRT | ૧૯/૨૦૧૯-૨૦ | ૦૫/૦૧/૨૦૨૦ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૩/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૭ | વૈધ પંચકર્મ, વર્ગ-૧ | ૨૪/૨૦૧૯-૨૦ | ૦૫/૦૧/૨૦૨૦ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૩/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૮ | હિસાબી અધિકારી, ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ | ૨૭/૨૦૧૯-૨૦ | પ્રિલિમિનરી પરિક્ષા ૦૫ જાન્યુઆરી ૨૦૨૦ | ૨૩/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૯ | નિયામક, પુરાતત્વ અને સંગ્રહાલય, વર્ગ-૧ -CBRT | ૧૬/૨૦૧૯-૨૦ | ૦૫/૦૧/૨૦૨૦ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૪/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૧૦ | કાયદા અધિકારી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવા, વર્ગ-૨ | ૨૩/૨૦૧૯-૨૦ | ૦૫/૦૧/૨૦૨૦ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૪/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૧૧ | લેક્ચરર (હોમિયોપોથી) - ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી, વર્ગ-૨ - CBRT | ૨૬/૨૦૧૯-૨૦ | ૦૫/૦૧/૨૦૨૦ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૪/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૧૨ | પ્રોજેક્ટ મેનેજર, વર્ગ-૧ | ૨૯/૨૦૧૯-૨૦ | ૦૫/૦૧/૨૦૨૦ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૬/૧૨/૨૦૧૯ ૧૩:૦૦ |
| ૧૩ | યાંત્રિક ઇજનેર, વર્ગ-૨ - CBRT | ૨૨/૨૦૧૯-૨૦ | ૧૯/૦૧/૨૦૨૦ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૮/૦૧/૨૦૨૦ ૧૩:૦૦ |
| ૧૪ | રહસ્ય સચિવ (ગુજરાતી સ્ટેનોગ્રાફર,ગ્રેડ-૧) વર્ગ-૨ | ૦૮/૨૦૧૯-૨૦ | ક્વોલિફાઇંગ એકઝામ (શોર્ટ હેન્ડ ટેસ્ટ) (એલિમિનેશન રાઉન્ડ) ૧૮ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૦ | ૦૮/૦૧/૨૦૨૦ ૧૩:૦૦ |
| ૧૫ | પ્રોફેસર( હોમીયોપોથી)- રેપર્ટરી, વર્ગ-૧ - CBRT | ૦૩/૨૦૧૯-૨૦ | ૧૯/૦૧/૨૦૨૦ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૯/૦૧/૨૦૨૦ ૧૩:૦૦ |
| ૧૬ | બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ-૨ | ૦૫/૨૦૧૯-૨૦ | ૧૯/૦૧/૨૦૨૦ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૦૯/૦૧/૨૦૨૦ ૧૩:૦૦ |
| ૧૭ | ગુજરાત ઇજનેરી સેવા, વર્ગ-૧ અને વર્ગ-૨ | ૧૧૩/૨૦૧૮-૧૯ | મુખ્ય લેખિત પરિક્ષા તા. ૨૫ જાન્યુઆરી તથા ૦૧ અને ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૦ | ૧૫/૦૧/૨૦૨૦ ૧૩:૦૦ |

**નોંધ:**

(૧) જાહેરાત ક્રમાંક: ૦૩, ૧૫, ૧૬, ૧૯, ૨૨, ૨૬/૨૦૧૯-૨૦, **Computer Based Recruitment Test (CBRT)** પધ્ધતિથી લેવામાં આવશે, CBRT બાબતે અદ્યતન જરૂરી સૂચનાઓ/માહિતી આયોગની વેબસાઈટ પર થી મેળવવાની રહેશે. CBRTપધ્ધતિથી લેવાતી પ્રાથમિક કસોટીઓ માટે ઉમેદવારોએ પરીક્ષાનાં દિવસે પરીક્ષા ખંડમાં પરીક્ષાનાં નિયત સમયથી એક કલાક પહેલા અચૂક હાજર થવાનું રહેશે.

(૨) જાહેરાત ક્રમાંક: ૧૧૩/૨૦૧૮-૧૯ સિવાયની જાહેરાતમાં જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉપર્યુક્ત જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ-૫માં દર્શાવેલ તારીખે બપોરના ૧૩:૦૦ કલાકથી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થાય ત્યાં સુધીમાં પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્ર (જા.ક્ર. ૧૦૮/૨૦૧૮-૧૯, ૧૧૩/૨૦૧૮-૧૯ અને ૨૭/૨૦૧૯-૨૦ સિવાય) તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) **"Online"** ડાઉનલોડ કરવાના રહેશે. જા.ક્ર. ૧૦૮, ૧૧૩/૨૦૧૮-૧૯ અને ૨૭/૨૦૧૯-૨૦ માટે સંબંધિત ઉમેદવારોએ ફક્ત પ્રવેશપત્ર અને ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) જ ડાઉનલોડ કરવાના રહેશે.

(૩) જાહેરાત ક્રમાંક: ૦૮/૨૦૧૯-૨૦ અને ૦૯/૨૦૧૯-૨૦ ક્વોલિફાઇંગ એકઝામ (શોર્ટ હેન્ડ ટેસ્ટ) (એલિમિનેશન રાઉન્ડ) ના પ્રવેશ પત્ર અને હાજરી પત્ર તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) પરીક્ષાના છેલ્લા દિવસે સવારનાં ૧૦:૦૦ કલાક સુધીમાં ડાઉનલોડ કરી શકશે.

(૪) પ્રવેશપત્ર **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર /સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) **https://gpsc-ojas.gujarat.gov.in** પર જવું. (૨) **"Call Letter/Form" >> "Preliminary Call Letter / Main Exam Call Letter / Form"** પર **"Click"** કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની **"Job Select"** કરવી તથા **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઈપ કરવાના રહેશે. (૪) હવે **"Print Call Letter"** પર **"Click"** કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર **"Click"** કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષાખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરીપત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

**ખાસ નોંધ:-**પોસ્ટ ઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આઉમેદવારોએ પ્રથમ આયોગની કચેરી (સરનામું: એરફોર્સકચેરીનીસામે, છ-૩ સર્કલપાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જરૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે. ત્યારબાદજ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજી પત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય,છતાં પ્રવેશ પત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર**"Application Not Found"**નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવેછે.

તારીખ- ૦૬/૧૨/૨૦૧૯